# ગાંધીનગર આર.આર.સેલનો અરવલ્લી જીલ્લામાં સપાટો

## શામળાજીના અણસોલ ગામ નજીક ટ્રક-કન્ટેનરમાંથી ૨૯.૯૦ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો : ડ્રાઈવર જબ્બે

શામળાજી, તા. ૫

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી ગુજરાતમાં કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઘુસાડાતો હોવાના પગલે ગાંધીનગર આર.આર.સેલ.ની નજર હવે જીલ્લાની આંતરરાજ્ય સરહદ પર ઠારી હોય તેમ સતત વોચ ગોઠવી જુદા-જુદા વાહનો મારફતે રાજ્યમાં ઘુસાડાતો વિદેશી દારૂનો જથ્થો અરવલ્લી જિલ્લા પોલીસતંત્રને ઉંઘતી રાખી ઝડપી પાડવામાં સફળ રહેતા જીલ્લામાં વધી રહેલી આર.આર.સેલ.ની સતર્કતાથી જીલ્લાની પોલીસતંત્રની કામગીરી સામે અનેક સવાલો પેદા થઈ રહ્યા છે. ગાંધીનગર આર.આર.સેલે શામળાજીના અણસોલ ગામ નજીકથી ટ્રક-કન્ટેનરમાંથી ૨૯.૯૦ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી ૪૪.૯૧ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી ટ્રક ડ્રાઈવરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



ગાંધીનગર આર.આર.સેલે શુક્રવારે સાંજના સુમારે અમદવાદ-ઉદેપુર હાઈવે પર શામળાજી નજીક આવેલા અણસોલ ગામની સીમમાંથી રાજસ્થાન તરફથી આવતી ટ્રક-કન્ટેનર(ગાડી.નં-ડીએલ.૦૧.૫૬૩૦)ને અટકાવી તલાસી હાથ ધરાતા ટ્રકમાંથી ગેરકાયદેસર વગર પાસ પરમીટની વિદેશી દારૂની પેટી નંગ-૬૨૩ બોટલ નં-૧૮૦૯૬ જેની કિં. રૂ.૨૯૯૦૪૦૦નો જથ્થો જપ્ત કરી ટ્રક ડ્રાઈવર દલજીતસિંહ મોહનસિંહ રાયશીખ (૨૮ વર્ષ. રહે. હરજારાસીંગવાલા, જી-ફિરોજપુર, પંજાબ)ની ધરપકડ કરી ટ્રક-કન્ટેનરની કિં. રૂ.૧૫૦૦૦૦૦ તથા મોબાઈલ-૨ કિં. રૂ.૧૦૦૦ મળી કુલ રૂ. ૪૪૯૧૪૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી વિદેશીદારૂ ભરી આપવામાં મદદગીરી કરનાર રાહુલ શર્મા (રહે, દિલ્હી)ની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ શામળાજી પોલીસ સ્ટેશને ગુન્હો નોંધી આગળ તપાસ શામળાજી પોલીસને સુપ્રત કરતા શામળાજી પોલીસે વધુ તપાસ હાથ ધરી દિલ્હીના બુટલેગરને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.



### પાલનપુરના ડોક્ટર હાઉસમાં ઘઉં ભરેલ ટ્રકની બ્રેક ફેલ થતા અફરાતફરી

પાલનપુરના ડોક્ટર હાઉસ વિસ્તારમાં એક ટ્રકની બ્રેક ફેલ થઈ જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ટ્રકની અડફેટે ૭ થી ૮ વાહનોને ભારે નુકશાન થયું હતું. જોકે, સદનસીબે જાનહાનિ ટળી હતી. પાલનપુરના ડોક્ટર હાઉસવાળા ભરચક વિસ્તારમાં અકસ્માત સર્જાયો હતો. માલગોડાઉનમાંથી ઘઉં ભરીને આવી રહેલી ટ્રકની બ્રેક ફેલ થતા ટ્રક બેકાબુ બન્યો હતો. જેને પગલે એક કાર અને રિક્ષા સહિત ૭ થી ૮ ટુ-વ્હીલરને ભારે નુકસાન થયું હતું. જ્યારે વીજ થાંભલો પણ ધરાશાઈ થઈ ગયો હતો. આ અકસ્માતમાં ૨ લોકોને નજીવી ઈજા થઈ હતી. પરંતુ સદનસીબે જાનહાની ટળી હતી. અકસ્માતને પગલે ટ્રાફિક જામ થઈ ગયો હતો.

# ખેડબ્રહ્મામાં ટેકાના ઘઉં ખરીદીમાં કોથળાના અભાવે ખેડૂતો અટવાયા

ખેડબ્રહ્મા, તા. ૫

ખેડબ્રહ્મા તાલુકામાં ટેકાના ભાવે ઘઉંની ખરીદી ન કરાતા ખેડતોને ધક્કા ખાવાનો વારો આવ્યો છે. જેને લઈ ને સરકાર તરફથી મુકેલ કટારા સાહેબ ખરીદી ની મુલાકાત દરમિયાન તેમણે કહ્યુ કે એક તરફ દેશમાં મોટાભાગના રાજ્યોમા ભારેવરસાદની આગાહી છે. બીજી તરફ ખરીદી કરેલા અનાજને હાલમા મુકવા માટે ભરવા કોથળાનો જરુરી સ્ટોક આગળથી ન આવતો હોવાથી આ ઘઉનો જથ્થો મુકવો ક્યા તેને લઈને અમારે નાછુટકે લાચાર મને અમારે ખરીદી માટે ના પાડી હતી. હાલમા ખરીદી કરેલ સ્ટોક સહકારી જીન ખાતે બહાર ખુલ્લી જગ્યા પર પડી રહ્યો છે. ટોટલ જથ્થો ૧૫૦૦૦ ટન ઘઉં ભરવા માટે કોથળા પુરતા પુરતા નથી તેવુ જણાવ્યું હતુ.

# બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના કમ્બોઈ ગામે વીર મહારાજની શોભાયાત્રા નીકળી

કાંકરેજ તાલુકાના કમ્બોઈ ગામે રાજપૂત સોલંકી દરબાર પરિવાર દ્વારા વીર મહારાજ ની શોભા યાત્રા કાઢવામાં આવી હતી અને પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે ભગવા ભેખધારી સાધુઓ ભક્તો અને મોટી સંખ્યા માં માનવ મહેરામણ શોભાયાત્રા મા દર્શન કરવા ઉમટ્યા હતા જેમાં દાતાઓ દ્વારા ચડાવો બોલાઈ મુખ્ય યજમાનો બગી મા દાદા ની મૂર્તિઓ લઈ બિરાજમાન થયા હતા અને શોભાયાત્રા કમ્બોઈ ગામની પરિભ્રમણ કરી નિજ મંદિર પાસી ફરી હતી જેમાં એક કલાકાર ની કારીગીરી થી ઘોડો બનાવ્યો હતો એ આકર્ષણ નું કેન્દ્ર બનવા પામ્યો હતો જોકે આવી શોભાયાત્રા મા ડ્રોન કેમેરા અને બલૂન તો હોય સે ત્યારે બનાસ લાઈવ ડી જે ના તાલે રાજપૂત યુવાનો મન મૂકી જય વીર મહારાજ ના જય ‘ ઘોષ સાથે નાચ્યા હતા અને ઢોલ નગારા શરણાઈ ની સુરાવલી સાથે સમગ્ર કમ્બોઈ ગામની ગલીઓ ગુંજી ઉઠી હતી શાસ્ત્રી ભરતભાઈ અને પંડિતો દ્વારા યગ્ન મા મંત્રોચાર કરી યજમાનો દ્વારા આહુતિ આપી હોમ હવન કરી પ્રતિષ્ઠા શરૂ કરવા મા આવી હતી આ બીજા દિવસે શોભા યાત્રા મા માનવ મહેરામણ કીડીયારાની જેમ ઊભરાયાં હતા અને દર્શન કરી ભોજન પ્રસાદ લીધો હતો આમ કાંકરેજ તાલુકાના કમ્બોઈ ગામે વીર મહારાજ ની પ્રાણપ્રતિષ્ઠા ના બીજા દિવસે આન બાન શાન સાથે શોભા યાત્રા નીકળી હતી.

# વિસનગર તાલુકામાં એલ.આઈ.સી.ની એજન્ટ છેતરાઈ

મહેસાણાના વિસનગર તાલુકામાં જ એક એલ.આઈ. સી.નો એજન્ટ છેતરવા ગઈ છે. એલ.આઈ.સી. એજન્ટ મહિલા કરોડો રૂપિયા અન્ય કંપનીમાં રોકાણ વિસનગરના એક દંપતીએ કરાવીને એક કરોડ સતર લાખ રૂપિયાની છેતરપીંડી કરી છે જ્યારે છેતરાયેલી મહિલાએ ઠગાઈ કરનાર બંટી અને બબલી હાલમાં ફરાર છે જયારે છેતરાયેલી મહિલાએ કંપનીના માલિક સહિત સામે વિસનગર પોલીસ મથકમાં ફરિયાદ આપતા હાલમાં પોલીસે વધુ તજવીજ હાથ ધરી છે.

મહેસાણાના વિસનગરમાં રેહતી આ મહિલા હાલમાં એક કરોડ સત્તર લાખની રકમ અન્ય કંપનીમાં મૂકીને છેતરાઈ ગયો છે. જાતે એલ.આઈ.સી. એજન્ટ હોવા છતાં પણ પોતાના પિતાના પારિવારિક સબંધમાં આવેલા આ દંપતી બંટી અને બબલી હોવાનું જણાવ્યું છે. આ મહિલા વિસનગરમાં મહેસાણા રોડ પર શ્રીનગર સોસાયટીમાં રહે છે અને તેના પિતા સહિત તેને કરેલ બચતને આ બંટી બબલીએ જયપુર સહિત અન્ય બે કંપનીમાં ફિક્સ ડીપોજીટ પેટે જુદા જુદા સમયે રકમ ભરાવી હતી. જે આજે કુલ ૧ કરોડ અને ૧૭ લાખ જેટલી થવા જાય છે. જેથી રકમ ન મળતા અને પાકતી મુદત પહેલા રકમ મળશે તેવી જાહેરાત કરનાર એજન્ટ ભટ્ટ જગદીશભાઈ શીવકુમાર અને પારૂલબેન જગદીશભાઈ સામે ફરિયાદ આપી છે અને હાલમાં આ બને આરોપી બંટી અને બબલી ફરાર થવા ગયા છે. જાગૃતિબેન ભાવસાર ભોગ બનનાર મહિલાએ જણાવ્યું છે. આમ તો જાગૃતિબેન ભાવસાર જાતે એલ.આઈ.સી.ના એજન્ટ છે અને તેઓએ બચત કરેલા નાણાને જુદાજુદા સમયે બંટી બબલીએ સૂચવેલ કંપની એવી યુનાઈટેડ હાઉસીંગ લીમીટેડ જે જયપુર રાજસ્થાનમાં છે અને અશોકા



ટાઉનશીપ કોર્પોરેશન લી.ચેન્નાઈ અને કેનરીન હાઉસીંગ કોર્પોરેશન લી ચેન્નાઈ માં પોતાની રકમ જમા કરાવી હતી જ્યારે તે રકમ તેમને ગમેત્યારે મળી શકે તેવી વાત બંટી અને બબલી એ કરી હતી ...જ્યારે આ અંગે જુદી જુદી કંપનીના માલીક સહિત ભાગીદાર અને વહીવટકર્તાને પત્ર અને નોટીસ આપી ત્યારે આવી કોઈ કંપની ન હોવાથી પત્ર અને નોટીસ પરત ફરી હતી. જેથી જાણવા મળ્યું કે આ દંપતી બંટી અને બબલી ભટ્ટ જગદીશભાઈ શીવકુમાર અને પારૂલબેન જગદીશભાઈએ ખોટી રીતે સહી સીક્કા બનવીને એક કરોડ ૧૭ લાખ રૂપિયા ફર્જી કંપની બનાવીને આપી દીધા છે જેથી હાલમાં જાગૃતિ બેન એ વિસનગર પોલીસ મથકમાં બંટી અને બબલી ભટ્ટ જગદીશભાઈ શીવકુમાર અને પારૂલબેન જગદીશભાઈ સહિતની ૩ કંપનીના માલિક સહિત વહીવટદાર સામે ફરિયાદ દાખલ કરાવતા હાલમાં વિસનગર પોલીસે વધુ તજવીજ હાથ ધરી છે. વી.પી.પટેલ પી.આઈ વિસનગર પોલીસ મથકે જણાવ્યું હતું. એક તરફ જાગૃતિબેન જાગૃત નાગરિક છે જાતે એલ.આઈ.સી. એજન્ટ હોવા છતાં પણ કરોડો રૂપિયાની રકમ હાલમાં ફરજી કંપનીમાં રોકાણ કરીને હાલમાં છતાં ધને રોવાનો વારો આવ્યો છે જ્યારે હાલમાં આ કંપની કઈ રીતે સ્થપાઈ અને કોને કોને આમાં રોકાણ કર્યુ છે તે જોતા આગામી સમયમાં વધુ રકમ આ બંટી અને બબલીએ લોકો પાસેથી જમા કરાવી હશે તે બહાર આવે તેવી શક્યતા છે પરંતુ હાલ માં આ બંટી અને બબલી બને ફરાર છે.

# કાંકરેજ તાલુકાના ઉણના ઓવરબ્રિજ નજીક ટ્રેક્ટર-ટ્રક વચ્ચે અકસ્માત

કાંકરેજ તાલુકા ના ઉણ નજીક પસાર થતા નેસનલ હાઈવે પર આજ રોજ વહેલી સવારે ટ્રેક્ટર અને ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો અકસ્માત માં ટ્રેક્ટર ચાલક નો આબાદ બચાવ થયો હતો જયારે ટ્રેક્ટર માં રહેલ એરાંડની બોરી વેરવિખેર થઈ ગઈ હતી

પ્રાપ્ત વિગતો અનુસાર આજ રોજ વહેલી સવારે લક્ષ્મિપુરા ધરવડી ના વતની ચૌધરી જયંતિભાઈ પોતાના એરંડા ની બોરીઓ ટ્રેક્ટર માં ભરી ને થરા ખાતે લાવી રહ્યા હતા તે દરમિયાન ઉણ નજીક ના નેસનલ હાઈવે ના ઓવરબ્રિજ નજીક સામે થી આવતી ટ્રકે જોરદાર ટ્રકકર મારતા એરંડા ની બોરી ઓ નેસનલ હાઈવે પર વેરવિખેર થઈ ગઈ હતી જયારે ટ્રેક્ટર ના ચાલક ટ્રક નીચે આવેલ ટાયરો ની જગ્યા માં આવી



જતા ચાલક નો આબાદ બચાવ થયો હતો જયારે બીજા એક ટ્રેક્ટર માં રહેલ માણસ ને ઈજાઓ થઈ હતી આ બનવા ના પગલે લોકોના ટોળે ટોળાં એકઠા થઈ ગયા હતા ઘટના ના પગલે હાઈવે પર ટ્રાફિક જામ થઈ ગયું હતું.

ટ્રેક્ટર ચાલક પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના લક્ષ્મીપુરા ધરવડી નો ચૌધરી જયંતીભાઈ ખેતાભાઈ હોવાનું જાણવા મળ્યું હતું અને આ ચાલક ને માથા અને પગ ના ભાગે ગમ્ભીર ઈજાઓ થવા પામી હતી.

# ડીસાની કાંટ પાંજરાપોળની ગાયો છોડી મુકાતાં દહેશતનો માહોલ

## પાંજરાપોળ સંચાલકો સાથે તંત્રની મંત્રણા પણ નિષ્ફળ નીવડી : નગરજનોના જીવ અધ્ધર

ડીસા

બનાસકાંઠાના ડીસા નજીકની કાંટ પાંજરાપોળની ગાયોને છોડી મુકવાના મામલે ભારે ઉહાપોહ સર્જાયો હતો અને આ ઘટનાથી નગરમાં દહેશતનો માહોલ સર્જાયો હતો.ઘાસચારાની તીવ્ર અછત વચ્ચે બનાસકાંઠામાં ગૌશાળા અને પાંજરાપોળ સંસ્થાઓમાં ઘાસચારાની તંગી વચ્ચે ગાયોને બચાવવી મુશ્કેલ બની જતા સંચાલકોની હાલત કફોડી બની ગઈ છે. ગૌશાળાના સંચાલકોએ ગાયોની સ્થિતિ વિશે સરકારમાં અને જિલ્લા તંત્રને વારંવાર રજુઆતો કરી હોવા છતાં કોઈ પરિણામ ન



મળતા બે દિવસ અગાઉ ગૌશાળાના સંચાલકોએ કાંટ પાંજરાપોળની ૫ હજાર જેટલી ગાયો ડીસાની સરકારી કચેરીઓમાં છોડી મુકવાની ચીમકી આપી હતી. આ ગાયોને બહાર લઈ જવા માટે ૫૦૦ જેટલા આદિવાસી મજૂરોને પણ બોલાવાયા હતા. બનાસકાંઠાની ૯૭ ગૌશાળા અને પાંજરાપોળની ૬૫ હજાર ગાયોને છેલ્લા ૧૭ વર્ષથી સરકાર તરફથી કોઈ મદદ ન મળતાં તેમની હાલત દયનિય બની હોઈ ગૌશાળાના સંચાલકો દ્વારા વારાફરતી તમામ ગાયોને છોડી મુકવાનો નિર્ણય બે દિવસ અગાઉ કરાયો હતો.ત્યારે ડીસા કાંટ પાંજરાપોળના સંચાલક સાથે ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યાએ બેઠક યોજી બે દિવસમાં સહાય આપવા માટે સરકાર યોગ્ય જાહેરાત કરશે તેવું આશ્વાસન આ આંદોલન સમેટી લેવા અપીલ કરી હતી.પરંતુ આ મામલે કોઈ જાહેરાત ના થતા ના છૂટકે આજે કાંટ પાંજરાપોળની ગાયોને છોડી મુકાતા તંત્ર પણ હરકતમાં આવી ગયું હતું. પાંજરાપોળ સંચાલકોના આવા આકરા પગલાની જાણ થતાં ડીસાના નાયબ કલેકટર એચ.એમ.પટેલ અને પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ કાંટ પાંજરાપોળ દોડી જઈ સંચાલકો સાથે વાટાઘાટો હાથ ધરી હતી.જોકે આ મંત્રણા પણ નિષફળ નીવડતા નાયબ કલેકટરે પણ ચાલતી પકડી હતી.આ મામલે મીડિયાકર્મીઓએ નાયબ કલેકટરની પ્રતિક્રિયા જાણવાની કોશિશ કરતા તેમણે જણાવ્યુ હતું કે જીવદયા સંસ્થાઓના સંચાલકોની લાગણીને અમે રાજય સરકાર સુધી પહોંચાડી દીધી છે.જોકે આજની મીટીંગ બાબતે તેમણે કેમેરા સામે કઈ પણ કહેવાનું ટાળી મૌન ધારણ લીધું હતું.

આજે ગાયોને છોડી મુકવાના આકરા પગલાં બાદ કાંટ પાંજરાપોળના સંચાલક ભરતભાઈ કોઠારીએ જણાવ્યું હતું કે છેલ્લા ૧૭ વર્ષથી અમને સરકાર તરફથી કોઈ સહાય અપાતી નથી. આ અંગે અમે વારંવાર રજુઆતો કરી હોવા છતાં સરકાર દ્વારા ગાયો માટે કોઈ જ સહાય અપાઈ નથી જેથી આજે ના છૂટકે અમે ગાયોને સરકારી કચેરીઓમાં છોડવાનું પગલું ભર્યું છે.ગતરોજ સવારે કાંટ પાંજરાપોળમાંથી ગાયોને છોડી મુકાઈ હોવાના અહેવાલો બાદ ડીસાના નાયબ કલેકટર અને મામલતદારે પાંજરાપોળના સંચાલકો સાથે બેઠક કરી હતી પરંતુ આ બેઠકમાં પણ કોઈ પ્રકારનું સમાધાન થઈ શક્યું નહોતું.આ ઘટનાક્રમના પગલે ડીસાના પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ પણ સરકાર પર પસ્તાળ પાડવાની તક ઝડપી લેતા જણાવ્યું હતું કે સરકાર સહાય આપવાની ના પાડી દે તો સંચાલકો દાન ઉઘરાવીને પણ અબોલ જીવોને જીવડવાની મથામણ કરી શકે.આ મામલે શનિવારે બપોરે સંસ્થાના સંચાલકો તેમજ પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હોવાના અહેવાલો પણ મળ્યા છે.બીજી બાજુ આ ઘટનાક્રમના પગલે બપોરે ડીસાના જીવદયા પ્રેમીઓએ સરદાર બાગ પાસે ગાયો માટે ભીખ માંગવા રોડ પર ઉતરી સરકાર પર ભીંસ વધારવાના પ્રયાસો પણ કર્યા હતા.બીજી બાજુ,આ મામલે સર્જાયેલી ગરમાગરમી વચ્ચે જિલ્લા કલેકટર સંદીપ સાગલેએ જિલ્લાની ગૌશાળાઓ અને પાંજરાપોળોને સરકારના નિયમ મુજબ ઘાસચારો અને




પાણીની સહાય આપવાની તંત્રની પ્રતિબધ્ધતા વ્યક્ત કરતાં જણાવ્યું હતુ કે બજારમાં જે ઘાસ પ્રતિ કિલો ૧૦ રૂપિયાના ભાવે મળે છે તે ઘાસ જિલ્લાની ગૌશાળાઓ અને પાંજરાપોળોના સંચાલકોની માંગણીને ધ્યાને લઈ રાહત દરે પ્રતિ કિલો બે રૂપિયાના ભાવે ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેમણે કહ્યું કે ગાયોને પીવાનું પાણી મળી રહે તે માટે સરકાર કટીબધ્ધ છે. તેમજ જયાં જરૂર હોય ત્યાં ટેન્કરથી પણ પાણી આપવામાં આવશે.કલેકટર સંદીપ સાગલેએ ગૌશાળાના સંચાલકો અને મહાજનો દ્વારા થતી ભગીરથ ગૌસેવાને બિરદાવતાં જણાવ્યું કે ગૌશાળાના સંચાલકો અને મહાજનો સ્વૈચ્છિક રીતે આવી મહાન સેવા કરી સમાજને સાચી દિશા બતાવવાનું કાર્ય કરે છે ત્યારે સરકાર તેમની પડખે છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તથા સમાજનું હિત જળવાઈ રહે તે માટે ગૌશાળાના સંચાલકો અને મહાજનો તરફથી જરૂરી સહયોગ આપે તેવી અપીલ પણ જિલ્લા કલેકટરે કરી છે.

બનાસકાંઠાની પાંજરાપોળ અને ગૌશાળા સંસ્થાઓમાં આશ્રિત પશુધનનો નિભાવ મુશ્કેલ બનતાં પશુ દીઠ નિભાવ સહાય ચૂકવવાની માંગણી સાથે રાજ્ય સરકાર સામે જંગે ચઢેલા જીવદયા સંસ્થાઓના સંચાલકોના આંદોલને શનિવારે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા ભારે ઉહાપોહ સર્જાયો હતો.આ આંદોલન અંતર્ગત ડીસા નજીકની કાંટ પાંજરાપોળમાં આશ્રય મેળવતી એક હજાર જેટલી ગાયોને શનિવારે સવારે રોડ પર છોડી દેવાતાં દહેશતનો માહોલ સર્જાઈ ગયો હતો.રાજ્ય સરકાર ગૌશાળાઓની ઉપેક્ષા કરતી હોવાના દાવા સાથે બનાસકાંઠાની ગૌશાળાના સંચાલકોએ રોષે ભરાયા છે.આવી સ્થિતિમાં અગાઉ ડીસાની કાંટ પાંજરાપોળના સંચાલકોએ આશ્રિત ગાયોને સરકારી કચેરીઓમાં છોડવાનો નિર્ણય કર્યો હતો.પરંતુ ડીસાના ધારાસભ્યએ બે દિવસમાં જ સરકાર તરફથી સહાય આપવામાં આવશે તેવી ખાત્રી આપી હતી.જોકે ૨ દિવસનો સમય પૂરો થઈ જવા છતાં કોઈ સહાય ના મળતા કાંટ પાંજરાપોળની એક હજાર જેટલી ગાયોને શનિવારે સવારે છોડી મુકાઈ હતી.

### ગાયો ન છોડવા જિલ્લા મેજિસ્ટ્રેટનું ફરમાન

બનાસકાંઠાની પાંજરાપોળ અને ગૌશાળાઓના સંચાલકોએ ગાયો છોડી મુકતા મામલો ગરમાયો છે ત્યારે આ મામલે જિલ્લા મેજિસ્ટ્રેટ પણ જાહેરનામું બહાર પાડી જાહેર રસ્તા કે માર્ગો પર પશુઓને મોટી સંખ્યામાં લઈ જવા પર પ્રતિબંધ ફરમાવી દીધો છે. આગામી ૧૦મી મે સુધી આ જાહેરનામું અમલમાં રહેશે.આ જાહેરનામાનો

ભંગ કરનાર સામે ઈસમોની અટકાયત કરવાની ચીમકી પણ અપાઈ છે.જિલ્લાની ગૌશાળાના સંચાલકોએ સરકારી કચેરીઓમાં ગાયો છોડવાની આપેલી ચીમકીના પગલે જિલ્લા કલેકટર દ્વારા અગમચેતી રૂપે આ જાહેરનામું બહાર પડાયું છે.